

# કૃષિ ઉત્પાદન અને
# બજાર દર્શન
## કૃષિ ઉદય...

ખંડ-૪
અંક-૧૨
ડિસેમ્બર ૨૦૧૮

અધ્યક્ષ:
પ્રો. શિરીષ આર. કુલકર્ણી
માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક
મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કાલમકર
સહસંપાદક :
ડૉ. એચ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ
સંપાદક :
ડૉ. હેમંત શર્મા
વિષય સંપાદક :
ડૉ. એસ. આર. ભૈયા
ડૉ. વિજય એસ. જરીવાલા
શ્રી મનિષ મકવાણા
પ્રચાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ

પ્રકાશક :
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત
E-mail: director.aerc@gmail.com
website: www.aercspu.ac.in

### કેન્દ્ર સરકાર ખેડૂતો માટે પાક વીમા દાવાના નિયમો હળવા/સરળ બનાવશે.......



કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (PMFBY) ફ્લેગશીપ યોજનાને મજબૂત અને સરળ બનાવવા ઘણાં નિયમો રજૂ કર્યા છે. ૩૦ મી નવેમ્બરના રોજ અમલમાં આવતા નવા નિયમોમાંથી એક નવા નિયમ મુજબ, ખેડૂતોના પાક વીમા દાવાઓને પાક કાપણીના બે મહિનામાં વીમા કંપનીઓ દ્વારા ક્લિયર નહિ કરવામાં આવતા દાવાઓ આપમેળે મંજૂર કરવામાં આવશે. અન્ય વીમા પોલિસી મુજબ, પોલિસી ધારકોને વળતર મેળવવા માટે વીમા કંપનીઓ દ્વારા વળતર મેળવવા માટેના દાવાઓને મંજૂર કરવાની જરૂર છે. નવા નિયમનો અર્થ એ છે કે વીમા કંપનીઓ દાવાઓની ચકાસણી કરશે નહિં અથવા  ખેડૂતોના દાવાઓની માન્યતા નક્કી કરવા માટે વધુ તપાસ કરશે નહિ, જો તેઓએ બે મહિનાની અંદર કર્યા નહિ હોય. એક અધિકારીએ નામ ન જાહેર કરવાની વિનંતી સાથે જણાવ્યું હતું કે, બે મહિનાની અંતિમ મુદતની બહાર, તમામ દાવાઓ PMFBY પોર્ટલ (વેબસાઇટ) દ્વારા આપમેળે મંજૂર કરવામાં આવશે. આ નવી 'ઓટો મંજૂરી' માર્ગદર્શિકા સાથે યોજનાને લગતી વિલંબિત ચૂકવણીઓ અંગે ખેડૂતોના ગુસ્સાના મુખ્ય કારણોને ધ્યાનમાં રાખવાની સરકારને આશા છે. જો ખેડૂતો એક સિઝનમાં પાક વીમા પ્રિમિયમની ચૂકવણી નહીં કરે, તો તે આગામી સિઝન માટે પાકમાં રોકાણ કરવાની તેની ક્ષમતાને અસર કરશે. આ 'ઓટો મંજૂરી' સુવિધાને સંચાલિત કરવા માટે પાકવીમા પ્રોગ્રામને સંચાલિત કરતી કેન્દ્રિય વેબસાઇટ્ને ઇન-બિલ્ટ સુવિધા સાથે અપડેટ


કરવામાં આવી છે, રાજકીય રીતે મહત્વની આ યોજનામાં મહત્વના ફેરફારો સાથે, ભાગ લેતી વીમા કંપનીઓને હવે ખેડૂતોને યોજના વિશે જાગૃત કરવા માટે એકત્રિત કુલ પ્રીમિયમના ૦.૫ ટકા ખર્ચ કરવો પડશે. રાજ્ય સરકારે ખેડૂતોમાં આ યોજનાની વિશે જાગૃતતા વધારવા માટે કુલ પ્રીમિયમના ૦.૫ ટકા ખર્ચ કરવો પડશે. રાજ્ય સરકારોએ તેમના વાર્ષિક બજેટના ૨ ટકા હિસ્સો પાક વીમા યોજના સાથે જોડાયેલા પગલાં ભરવા માટે ફાળવવાના રહેશે. પાક વીમા દાવાઓની પ્રક્રિયાને ઝડપી બનાવવા અંગેના વહીવટી ખર્ચાઓ તેમાં સામેલ છે. આ ૨ ટકા હિસ્સામાંથી સમયસર ચૂકવણી માટે નિર્ણાયક, ઉત્પાદન અને નુકશાનના અંદાજ માટેના ખર્ચાનો પણ સમાવેશ થાય છે. આ બજેટમાંથી ૨ ટકા હિસ્સો સ્માર્ટ ફોનની ખરીદી માટે ઉપયોગમાં લેવામાં આવશે, જેના દ્વારા ઉત્પાદન/ઉપજ નુકશાનનો અંદાજ મેળવવા માટે એન્ડ્રોઇડ એપ્લિકેશન પણ વિકસાવવામાં આવશે, અન્ય ખર્ચમાં રાજ્યમાં તકનિકી કુશળ સ્ટાફની નિમણૂંકનો પણ સમાવેશ થાય છે.

## બિન–બાસમતી ચોખાની નિકાસ માટે સરકારે જકાત લાભો લંબાવ્યા......



સરકારે કૃષિ વિષયક ચીજવસ્તુની નિકાસને પ્રોત્સાહન આપવા માટેની યોજના હેઠળ બિન-બાસમતી ચોખાના નિકાસકારોને જકાત લાભો વધાર્યા છે. ભારત સરકારના વાણિજ્ય મંત્રાલયે મર્ચેન્ડાઇઝ નિકાસ (MEIS) હેઠળ જકાત લાભ પૂરો પાડ્યો છે. બિન-બાસમતી ચોખાના ઉત્પાદનોને ૨૬ નવેમ્બરથી ૨૫મી માર્ચ, ૨૦૧૯ સુધીની નિકાસ માટે ૫ ટકાના દરે લાભ MEIS માટે પાત્ર બનાવવામાં આવેલ છે. વિદેશ વેપારના મહાનિર્દેશકે (DGFT) જાહેર સૂચનામાં જણાવ્યુ છે કે, વાણિજ્ય મંત્રાલય હેઠળ વિદેશ વેપારના મહાનિર્દેશકે (DGFT) નિકાસ અને આયાત સંબંધિત નીતિઓ સાથે કામ કરે છે, મર્ચેન્ડાઇઝ નિકાસ (MEIS) હેઠળ સરકાર ઉત્પાદન દેશના આધારે જકાત ક્રેડીટ સ્ક્રીપ્ટ અથવા પ્રમાણપત્ર પ્રદાન કરે છે. મૂળ સ્ત્રોત જકાત સહિત અસંખ્ય ચૂકવણીઓ માટે સ્ક્રીપ્ટ ટ્રાન્સફર કરી શકાય છે અથવા તેનો ઉપયોગ કરી શકાય છે. ભારત બિન-બાસમતી ચોખાના સૌથી મોટા નિકાસકારોમાંનો એક દેશ છે અને ૨૦૧૭-૧૮ માં દેશે ૮.૬૩ મિલિયન ટન બિન-બાસમતી ચોખાની નિકાસ કરી હતી, જે બાસમતી ચોખાના ૪.૦૫ મિલિયન ટન નિકાસ કરતાં બમણું હતું. એપ્રિલ-ફેબ્રુઆરી, ૨૦૧૮ દરમિયાન બિન-બાસમતી ચોખાની નિકાસ ૩.૨૬ અબજ ડોલરની હતી જે ૨૦૧૬-૧૭માં ૨.૫૩ અબજ ડોલર નિકાસ હતી, ચોખા એ દેશનો મુખ્ય ખરીફ પાક છે. વર્ષ ૨૦૧૮-૧૯ પાક વર્ષ માટે ખરીફ (ઉનાળુ વાવેતર) સિઝન માટે અનાજ ઉત્પાદનના પ્રથમ અગ્રીમ અંદાજ મુજબ ગયા વર્ષે ખરીફ સિઝનમાં ૯૭.૫ મિલિયન ટન ચોખાના ઉત્પાદન સામે આ વર્ષે ૯૯.૨૪ મિલિયન ટન ચોખાના ઉત્પાદનનો રેકોર્ડ થવાનો અંદાજ છે. ખરીફ પાકોનું વાવેતર ચોમાસાની શરૂઆતમાં થાય છે અને લણણી સપ્ટેમ્બર મહિનાના મધ્યથી શરૂઆત થાય છે, ડાંગર, મકાઇ અને સોયાબીન મુખ્ય ખરીફ પાકો છે.

## નવી ફૂડ પ્રોસેસિંગ નીતિથી ખેડૂતોની આવકમાં વધારો થશે......




તામિલનાડુ સરકારે મહત્વાકાંક્ષી ફૂડ પ્રોસેસિંગ નીતિ, ૨૦૧૮ ની જાહેરાત કરી છે, જેનો મુખ્ય હેતુ ખેડૂતોની આવકમાં વધારો કરવો અને ખેત પેદાશના મૂલ્યમાં વધારો કરવાનો છે, જ્યારે ખાદ્ય ઉત્પાદનનો બગાડ ઘટાડવો અને રોજગારીની નવી તકોનું સર્જન કરવાનો છે.

## ઉત્તર અને દક્ષિણ ભારતમાં ડુંગળીનું વિક્રમ જનક ઉત્પાદન...



મહારાષ્ટ્રનું લાસલગાંવ, ડુંગળીનો સૌથી વધારે ઉત્પાદન ધરાવતો વિસ્તાર છે અને અત્યારે ઉત્તર અને દક્ષિણ ભારતમાંથી ડુંગળીની માંગ અને પુરવઠા વચ્ચે અસમતુલાની

Acknowledged the information used/taken from the public domain

સમસ્યાનો સામનો કરી રહ્યુ છે. મધ્યપ્રદેશમાં વિક્રમજનક ડુંગળીના ઉત્પાદનથી ઉત્તર ભારતમાં ડુંગળીના પુરવઠાને અસર થઇ છે, જ્યારે કર્ણાટકમાં ડુંગળીના સારા ઉત્પાદનથી લાસલગાંવમાં ડુંગળીના પુરવઠા પર અસર થવાથી દક્ષિણ ભારતમાં તેની માંગમાં ઘટાડો થયો છે. જેના લીધે લાસલગાંવ સહિત સમગ્ર મહારાષ્ટ્રમાં ડુંગળીના ભાવમાં ઘટાડો થયો છે. રાજ્યમંત્રી (બજાર અને સંગઠન) શ્રી સધભા ખોટના જણાવ્યા અનુસાર આ વર્ષે કર્ણાટક અને મધ્યપ્રદેશમાં ડુંગળીનું વિક્રમ જનક ઉત્પાદન થયેલ છે. જેના કારણે મહારાષ્ટ્રથી ડુંગળીની ખરીદી કરતા ઉત્તર અને દક્ષિણ ભારતના વેપારીઓએ આ વર્ષે કર્ણાટક અને મધ્યપ્રદેશમાંથી ડુંગળી ખરીદી કરવાનું શરૂ કર્યું છે. નજીકના રાજ્યમાંથી ખરીદી કરવાથી તેમના પરિવહન ખર્ચમાં ઘટાડો થાય છે, જેના પરિણામે ગ્રાહકોને ડુંગળી સસ્તા ભાવે મળે છે અને સ્થાનિક વેપારીઓને વધુ નફો થાય છે. શ્રી ખોટે જણાવ્યુ હતુ કે, તેથી અમે મહારાષ્ટ્રના ખેડૂતોના સહકારી સંઘ માટે સબસિડીની જાહેરાત કરી છે. અમારૂ તાજેતરનું આ પગલું હકારાત્મક પરિવર્તન લાવશે, પરંતુ ધીમે ધીમે બજાર સુધરી જશે.

## ભારતના બધા રાજ્યોમાં રવી પાક હેઠળના વાવેતરમાં ઘટાડો........

રવી પાક હેઠળનું વાવેતર અત્યાર સુધીમાં ગત વર્ષ કરતા



પણ ઓછું છે, તેમ છતાં વાવેતરનું પ્રમાણ વધી રહ્યુ છે જે તફાવતને ઘટાડશે. કૃષિ મંત્રાલયના જણાવ્યા મુજબ રવી પાક હેઠળનો કુલ વાવેતર વિસ્તાર ૪૭૬.૧૨ લાખ હેક્ટર થવા પામ્યો છે જે પાછલા વર્ષની તુલનામાં ૫.૨ ટકા જેટલો ઓછો છે. ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં વાવેતરનો આ તફાવત ૮ ટકાથી વધુ હતો. મુખ્ય રવી પાકો જેમ કે ઘઉં, રાયડાનું વાવેતર પાછલા વર્ષની તુલનામાં થોડું વધારે છે, જ્યારે મુખ્ય કઠોળ પાક, ચણાનું વાવેતર ગત વર્ષ કરતા ૧૩ ટકાથી પણ ઓછું છે. સામાન્ય દક્ષિણ-પશ્ચિમ ચોમાસાને કારણે જમીનમાં ભેજનું ઓછું પ્રમાણ અને મુખ્ય જળાશયોમાં પાણીના સ્તર નીચા જવાથી તેની અસર રવી પાક હેઠળના વાવેતર પર જોવા મળી છે. કેન્દ્રિય પાણી કમિશને જણાવ્યું છે કે દેશભરના ૯૧ મુખ્ય જળાશયોમાં પાણીના સ્તર ૯૨.૩૮૭ અબજ ઘન મીટર જેટલુ છે જે તેમની સંગ્રહક્ષમતાના લગભગ ૫૭ ટકા જેટલુ જ છે. ઉત્તર પ્રદેશ, પંજાબ અને મધ્ય પ્રદેશ જેવા મુખ્ય ઘઉં ઉત્પાદક રાજ્યોમાં સામાન્ય વિસ્તારના બે તૃતિયાંશ ભાગમાં ઘઉંનુ વાવેતર કરવામાં આવ્યુ છે જે દર્શાવે છે કે ગત વર્ષના સમાનગાળામાં વાવેતરમાં વધારો સૂચવે છે. ઉત્તર પ્રદેશમાં પાછલા વર્ષના ૭૬.૭૦ લાખ હેક્ટર ઘઉંના વાવેતર વિસ્તારની સામે આ વર્ષે ચાર લાખ હેક્ટર જેટલો વધારો નોંધાયો છે, જ્યારે મધ્ય પ્રદેશમાં ૪૪.૫૭ લાખ હેક્ટરમાં વાવેતર વિસ્તારની સામે આ વર્ષે આઠ લાખ હેક્ટર જેટલો વધારો થયો છે. જો કે બિહાર, ગુજરાત અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં પાણીની અછતને લીધે ઘઉંના વાવેતર વિસ્તારમાં ઘટાડો થયો છે. રાયડાના મુખ્ય ઉત્પાદક રાજ્યો, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં વાવેતર વિસ્તારમાં વધારો થતા તેના કુલ વાવેતર વિસ્તારમાં ૪ ટકાનો વધારો થયો છે. જો કે હરિયાણામાં પાછલા વર્ષની તુલનામાં રાયડાના વાવેતર વિસ્તારમાં ઘટાડો થયો છે. મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને કર્ણાટક જેવા ચણાના મુખ્ય ઉત્પાદક રાજ્યોમાં ચણા હેઠળનો વાવેતર વિસ્તાર ગત વર્ષની તુલનામાં ઓછો છે. જો કે ઉત્તર પ્રદેશ અને છત્તીસગઢમાં ચણા હેઠળના વાવેતર વિસ્તારમાં નજીવો વધારો થયો છે.

## બિન-બાસમતી ચોખાની નિકાસ ચાર મહિના માટે ૫% MEIS લાભ મેળવશે........

ચાલુ નાણાંકીય વર્ષના પ્રથમ છ મહિના દરમિયાન



કોમોડિટીના શિપમેન્ટ ૧૩% ઘટ્યા પછી સરકારે આગામી ચાર મહિના માટે બિન-બાસમતી ચોખાની નિકાસ પર ૫ ટકા MEIS લાભની મંજૂરી આપી દીધી છે. આ પગલું નિકાસકારોને નિકાસ વધારવા માટે મદદ કરશે. વિદેશ વેપારના મહાનિર્દેશક (DGFT) ના એક જાહેરનામામાં જણાવ્યુ છે કે, ૨૬ નવેમ્બર અને ૨૫ માર્ચ, ૨૦૧૯ વચ્ચે કરવામાં આવેલ બિન-બાસમતી ચોખાની નિકાસ પર ૫ ટકાના દરે MEIS લાભ આપવામાં આવશે. ભારતમાંથી મર્ચેન્ડાઇઝ નિકાસ (MEIS) યોજના ૨૦૧૫ માં શરૂ કરવામાં આવી હતી જેના હેઠળ નિકાસકારોને તેમની નિકાસના ૨-૫% (એફઓબી મુલ્ય) ડ્યૂટી ક્રેડિટ સ્ક્રિપ તરીકે મળે છે. આયાત જકાત અને જીએસટીના ચૂકવણી સામે સ્ક્રિપ પરના મૂલ્યને એડજસ્ટ કરી શકાય છે. આ એક યોગ્ય સમયે આવેલ તક છે. તેનાથી બિન-બાસમતી ચોખાની નિકાસમાં જે ઘટાડો થયેલ છે તે આગામી ચાર

મહિનામાં પુનઃપ્રાપ્ત થઇ શકે છે એમ કાકીનાડા સ્થિત ચોખા નિકાસકારોના સંગઠનના અધ્યક્ષ બી.વી.કિષ્નારાવે જણાવ્યું હતું. જો કે બાંગ્લાદેશના શિપમેન્ટમાં ઘટાડો મર્ચેન્ડાઇઝ નિકાસ (MEIS) યોજનાને કારણે તાત્કાલિક દેખાશે નહિ, એમ તેમણે જણાવ્યું હતુ. સત્તાવાર માહિતી મુજબ, ભારતમાંથી ચાલુ વર્ષે એપ્રિલ-સપ્ટેમ્બર દરમિયાન ૩૭.૨૩ લાખ ટન (રૂ. ૧૦,૪૨૬ કરોડ મૂલ્યના ) ચોખાની નિકાસ કરી છે, જે ગયા વર્ષે નિકાસ ૩૭.૮૭ લાખ ટન હતી. વર્ષ ૨૦૧૭-૧૮ માં રૂ. ૨૨,૯૬૮ કરોડ મૂલ્યના ૮૬.૫ લાખ ટન બિન-બાસમતી ચોખાની કુલ નિકાસ કરવામાં આવી હતી, જેમાંથી ૨૦.૨૮ લાખ ટન બિન-બાસમતી ચોખાની નિકાસ માત્ર બાંગ્લાદેશમાં જ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૯ ના પ્રથમ છ મહિનામાં પાડોશી દેશમાં બિન-બાસમતી ચોખાની નિકાસ માત્ર ૩.૪૦ લાખ ટન હતી.

**મકાઇના સ્થાનિક ભાવોને અંકુશમાં રાખવા માટે સરકારે ૧ મિલિયન ટન મકાઇની આયાત કરી..........**



ઘરેલુ મકાઇ ઉત્પાદનની અછતને પહોંચી વળવા અને વધતા જતાં સ્થાનિક ભાવોને અંકુશમાં રાખવા માટે શૂન્ય આયાત-જકાતથી ૧ મિલિયન ટન બિન-આનુવાંશિક રીતે સુધારેલ મકાઇની આયાત કરવા માટે સરકારે મંજૂરી આપી દીધી છે. સરકારે મકાઇની આયાત કરવા ઉપર ૬૦% જકાત ડ્યુટી લાદી છે, તેથી ઉદ્યોગો તેને ટેરિફ રેટ ક્વોટા (TRQ) હેઠળ આયાત કરવાની માંગણી કરે છે.

પરંપરાગત રીતે જોઇએ તો, ભારત મકાઇ નિકાસકાર દેશ છે અને છેલ્લાં બે વર્ષથી મકાઇની આયાત કરી નથી. ભારતે ૨૦૧૬માં ટેરિફ રેટ ક્વોટા (TRQ) હેઠળ ૨,૨૫,૦૦૦ ટન મકાઇની આયાત કરી હતી. મકાઇનો ઉપયોગ ૫૫-૬૫% પ્રાણીઓના ખોરાક તરીકે થાય છે ત્યારબાદ સોયાબીનનો ૫૫-૬૫% ઉપયોગ પ્રાણીઓના ખોરાક તરીકે થાય છે. ૨૦૧૫-૧૬ માં ભારતે મકાઇની આયાત શરૂ કરી હતી અને ટેરિફ રેટ ક્વોટા (TRQ) યોજના હેઠળ ૩,૦૦,૦૦૦ મકાઇની આયાત કરી હતી. સરકારી આંકડાઓના અંદાજ અનુસાર, ખરીફ ઋતુમાં મકાઇનું ઉત્પાદન પાછલાં વર્ષ કરતાં વધારે છે, જ્યારે રવી ઋતુમાં મકાઇના વાવેતરમાં કોઇ ઘટાડો થયો નથી. સપ્ટેમ્બર મહિનામાં સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ ખરીફ ઉત્પાદનના પ્રથમ અગ્રીમ અંદાજ મુજબ વર્ષ ૨૦૧૮-૧૯માં મકાઇનું ઉત્પાદન ૨૧.૪૭ મિલિયન ટન રહેવાનું અનુમાન છે, જે પાછલાં વર્ષમાં ૨૦.૨૪ મિલિયન ટન હતુ. જે પાછલાં પાંચ વર્ષ દરમિયાન મકાઇના સરેરાશ ઉત્પાદન કરતાં ૪.૪૦ મિલિયન ટન કરતાં પણ વધારે છે. ઉદ્યોગોનો અંદાજ છે કે મકાઇનું ઉત્પાદન અગાઉના વર્ષ કરતાં નીચું રહેશે.




*Wish You Happy New Year*

Book Post

To,

DOI : 30.04.2019

From:
**Agro-Economic Research Centre**
*For the states of Gujarat and Rajasthan*
(Ministry of Agriculture & Farmers Welfare, Govt. of India)
H.M. Patel Institute of Rural Development,
Opp. Nanadalaya Temple, Post Box No. 24,
**Sardar Patel University**
Vallabh Vidyanagar 388120, Anand, Gujarat
Ph.No. +91-2692-230106, 230799, Fax- +91-2692-233106
E-mail : director.aerc@gmail.com
Website: www.aercspu.ac.in

*Acknowledged the information used/taken from the public domain*

Uni Press